# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 20-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ✓ માઇક્રોસોફ્ટનાં સોફ્ટવેરમાં ખામીને પગલે વિશ્વભરમાં ખોરવાયેલી આવશ્યક સેવાઓ હવે પૂર્વવત થઈ રહી છે.
- ✓ રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા એનટીએએ તેની વેબસાઈટ પર પરિણામ જાહેર કર્યું.
- ✓ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-યુપીએસસીના અધ્યક્ષ મનોજ સોનીએ તેમના પદ પરથી રાજીનામું આપ્યું.
- ✓ ગુજરાત, કોંકણ, ગોવા, તટીય કર્ણાટકમાં અતિ ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી.
- ✓ પેરિસ ઓલિમ્પિકમાં ભારતના 117 એથ્લીટમાંથી સશસ્ત્ર દળોના 24 એથ્લીટ ભાગ લઈ રહ્યા છે.
- ✓ મહિલા ટી-20 એશિયા કપમાં આજે થાઇલેન્ડ અને મલેશિયા વચ્ચે મુકાબલો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# *OVERALL WORLDWIDE-IT OUTAGE*

માઈક્રોસોફ્ટ સોફ્ટવેરમાં ગઈકાલની મોટી ખામી પછી વિમાનથી લઈને આરોગ્ય સહિતની ઘણી વૈશ્વિક સેવાઓ હવે ધીમે ધીમે રાબેતા મુજબ શરૂ થઈ રહી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું છે કે દેશના વિવિઝ એરપોર્ટ વિમાનીસેવાઓ રાબેતામુજબ શરૂ થઈ ગઈ છે. અમેરિકાની સાયબર સિક્યોરિટી કંપની ક્રાઉડ સ્ટ્રાઈકના સોફ્ટવેર અપડેટમાં ખામીના લીધે માઇક્રોસોફ્ટની ઓપરેટિંગ સિસ્ટમ પર અસર પડી હતી. જેનાથી સમગ્ર વિશ્વમાં બેંકિંગ સેવાઓ, હોસ્પિટલો અને હવાઈ કામગીરીને ગંભીર અસર થઈ છે. માઈક્રોસોફ્ટના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સત્ય નડેલાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું છે કે ગ્રાહકોને ટેકનિકલ માહિતી અને ઓનલાઈન સુરક્ષા આપવા માટે સતત કામ ચાલી રહ્યું છે.

દરમિયાન, અમેરિકન સાયબર સિક્યોરિટી કંપની ક્રાઉડ સ્ટ્રાઈકના સીઈઓએ આ ભૂલ માટે માફી માંગી છે અને કહ્યું છે કે આ ભૂલને સુધારી લેવામાં આવી છે અને જણાવ્યુ છે કે તમામ સિસ્ટમને સરળ રીતે કામ કરવામાં થોડો સમય લાગશે. વિશ્વભરમાં પાંચ હજાર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. જેના કારણે એરપોર્ટ પર મુસાફરોની લાંબી કતારો જોવા મળી હતી. એરપોર્ટ પર, ઘણી એરલાઈન્સે કોમ્પ્યુટરનો ઉપયોગ કરવાને બદલે જાતે જ ચેક-ઈન અને બોર્ડિંગનું સંચાલન કર્યું હતું. હૈદરાબાદના રાજીવ ગાંધી એરપોર્ટ પર 36 ફ્લાઈટો રદ કરવામાં આવી હતી.

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકાર માઈક્રોસોફ્ટ અને તેની ભાગીદાર કંપનીઓના સંપર્કમાં છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે તમામ અસરગ્રસ્ત કંપનીઓ તેમની સિસ્ટમને રાબેતા મુજબ શરૂ કરવા માટે સાથે મળીને કામ કરી રહી છે.

દરમિયાન, સમગ્ર વિશ્વમાં માઈક્રોસોફ્ટ સૉફ્ટવેરમાં ખામીઓ હોવા છતાં, દેશમાં નાણાકીય અને ચુકવણી પ્રણાલીઓ વર્ચ્યુઅલ રીતે બિનઅસરકારક હતી. રિઝર્વ બેંકે એક નિવેદનમાં કહ્યું છે કે ભારતીય નાણાકીય ક્ષેત્ર આ વૈશ્વિક ખલેલથી પ્રભાવિત થયું નથી. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દિલીપ અસ્બેએ જણાવ્યું હતું કે, આ વૈશ્વિક વિક્ષેપની દેશમાં UPI જેવી લોકપ્રિય પેમેન્ટ સિસ્ટમ પર કોઈ અસર થઈ નથી.

## *AMIT SHAH IN RANCHI*

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે ઝારખંડની એક દિવસની મુલાકાતે રાંચી પહોંચશે. શ્રી શાહ ત્યાં પ્રદેશ ભાજપ કાર્યકારી સમિતિની બેઠકને સંબોધશે. તેઓ કોર કમિટીની બેઠકમાં પણ હાજરી આપશે અને કાર્યકર્તાઓ સાથે વાતચીત કરશે. ઝારખંડમાં ભાજપના વડા બાબુલાલ મરાંડીએ કહ્યું છે કે શ્રી શાહ લોકસભા ચૂંટણીમાં એનડીએનાં દેખાવની પણ સમીક્ષા કરશે. રાજ્યમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાય તેવી શક્યતા છે.

## *NEET-RESULT*

નીટ યુજી પ્રશ્નપત્ર ગેરરિતી કેસમાં સર્વોચ્ચ અદાલતના આદેશને પગલે રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા-એનટીએએ સેન્ટર અને શહેર પ્રમાણે પરિણામને ઓનલાઇન પરિણામ જાહેર કરી દીધું છે. પરિણામ અપલોડ કરવા માટે અદાલતે આજે 12

વાગ્યા સુધીની સમયમર્યાદા આપી હતી. આ વિવાદમાં સર્વોચ્ચ અદાલતમાં વધુ સુનાવણી 22 જુલાઇએ હાથ ધરાશે.

દરમિયાન રાજેન્દ્ર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ- RIMS રાંચીએ નીટ-યુજી પ્રવેશ પરિક્ષા ગેરરિતી કેસમાં એમબીબીએસની બીજા વર્ષની વિદ્યાર્થિની સુરભી કુમારીને સસ્પેન્ડ  કરી છે. મેનેજમેન્ટે નીટ-યુજી પરિક્ષા દરમિયાન સુરભિ કુમારીની તમામ પ્રવૃત્તિની તપાસ કરવા પાંચ સભ્યોની સમિતી રચી છે. ગઈ કાલે સીબીઆઇએ તેની ધરપકડ કરીને વધુ તપાસ માટે ત્રણ દિવસનાં રિમાન્ડ માટે મોકલી આપી હતી.

સુરભિ કુમારીએ સ્વીકાર્યું હતું કે, તેણે નીટ યુજી પરિક્ષાનાં પ્રશ્નપત્રો ઉકેલ્યા હતા.

## *UPSC CHAIRMAN*

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-યુપીએસસીના અધ્યક્ષ મનોજ સોનીએ, તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમનો કાર્યકાળ 2029માં પૂરો થવાનો હતો. તેમણે અંગત કારણોસર રાજીનામું આપ્યું છે.

2017 થી આયોગના સભ્ય તરીકે સેવા આપ્યા પછી  સોનીએ 16 મે, 2023 ના રોજ અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. અધ્યક્ષનો કાર્યકાળ છ વર્ષનો હોય છે. તેમણે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને મોકલી આપ્યું છે. મનોજ સોની આયોગમાં જોડાયા તે પહેલાં બે યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પણ રહી ચૂક્યા છે.

કેન્દ્ર સરકારની વિવિધ પરીક્ષાઓ યોજવામાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન મહત્વની ભૂમિકા ભજવે છે. તેમાં સિવિલ સર્વિસ પરીક્ષાઓનો પણ સમાવેશ થાય છે. આયોગ સામાન્ય રીતે આઈએએસ, આઈએફએસ, આઈપીએસ અને કેન્દ્રીય સેવાઓમાં પ્રતિષ્ઠિત પદો માટે ઉમેદવારોની ભલામણ કરે છે.

## *ALL PARTY MEET*

સરકારે સંસદના બજેટ સત્ર પૂર્વે આવતી કાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકાર માંગશે. બજેટ સત્ર સોમવારે શરૂ થશે અને 12 ઓગસ્ટ સુધી ચાલશે. 23મી જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પહેલું બજેટ હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બજેટ સરકારની દૂરોગામી નીતિઓ અને ભવિષ્યનાં અભિગમનો અસરકારક દસ્તાવેજ હશે.

## *ISRAEL-ICJ*

આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત-આઇસીજેએ કહ્યું છે કે ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટાઈન પર કબ્જો કરવાની નીતિઓ અને પ્રથાઓ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. સંયુક્ત રાષ્ટ્રની ટોચના અદાલતે કહ્યું કે, પેલેસ્ટાઈનના કબજા હેઠળના પ્રદેશોમાં ઈઝરાયેલની હાજરી ગેરકાનૂની છે અને તેનો અંત લાવવો જોઇએ.

પેલેસ્ટાઇન રાજ્ય માટે ઇઝરાયેલના 57 વર્ષના કબજાની કાયદેસરતા અંગે બિન-બંધનકારી સલાહકાર અભિપ્રાય આપતા, કોર્ટે કહ્યું કે ઇઝરાયલે પેલેસ્ટાઇનનાં પ્રદેશો પર તેના કબજાને કારણે થયેલા નુકસાનની ભરપાઈ કરવી જોઈએ.

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આજે ગુજરાત, કોંકણ, ગોવા, તટીય કર્ણાટક અને દક્ષિણ કર્ણાટકના અંતરિયાળ ભાગોમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે. અમારા

સંવાદદાતા જણાવે છે કે કેરળ, તેલંગાણા, તટીય આંધ્ર પ્રદેશ, ઓડિશા, વિદર્ભ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં આગામી ચાર દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. દરમિયાન આજે ઝારખંડ અને ગંગાતટીય પશ્ચિમ બંગાળમાં તથા હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પૂર્વ રાજસ્થાનમાં આગામી ચાર દિવસ સુધી વરસાદની સ્થિતિ યથાવત રહેશે. દેશનાં પૂર્વ ભાગોમાં પણ અતિ ભારે વરસાદની સ્થિતિ યથાવત રહેશે.

## *ARMED PERSONNEL - OLYMPICS*

પેરિસ ઓલિમ્પિકમાં આ વખતે ભારતના 117 એથ્લીટ ભાગ લઈ રહ્યા છે, જેમાંથી 24 એથ્લીટ સશસ્ત્ર દળોમાંથી છે. આ એથ્લીટમાં ભાલા ફેંક સ્પર્ધામાં ભાગ લેનાર સુબેદાર નીરજ ચોપડા સહિત 22 પુરુષ અને બે મહિલા છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે, ભારતીય દળમાં સેનાની બે મહિલાઓ પ્રથમ વાર ઓલિમ્પિકમાં ભાગ લઈ રહી છે. પેરિસ ઓલિમ્પિક 26 જુલાઇથી શરૂ થઈ રહ્યો છે.

સુબેદાર નીરજ ચોપડાએ ગયા વર્ષે ટોકિયો ઓલિમ્પિકમાં સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે 2022માં કોમનવેલ્થ ગેમ્સમાં કાંસ્યચંદ્રક જીતનાર હવાલદર જેસ્મીન લમ્બોરિયા અને 2023માં એશિયન કુશ્તી સ્પર્ધામાં કાંસ્યચંદ્રક મેળવનાર રિતિકા હુડા પ્રથમ વાર ઓલિમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે.

## *DAY WOMEN'S CRICKET*

મહિલા એશિયા કપ T20 ક્રિકેટમાં આજે થાઈલેન્ડ અને મલેશિયા વચ્ચે શ્રીલંકાના રંગીરી દંબુલ્લા આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં મુકાબલો થશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે 2 વાગ્યે શરૂ થશે. બીજી એક મેચમાં આજે સાંજે શ્રીલંકા બાંગલાદેશ સામે ટક્કર લેશે. મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

ગઇકાલે ભારતે પાકિસ્તાનને સાત વિકેટે પરાજય આપ્યો હતો. 109 રનના લક્ષ્યાંક સામે ભારતે સાત વિકેટે જીત મેળવી હતી.

## *WORLD JUNIOR SQUASH*

અમેરિકાના હ્યુસ્ટનમાં વર્લ્ડ જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપની ટીમ સ્પર્ધામાં ભારતે બ્રાઝિલને 3-0થી હરાવીને ગ્રુપ Fમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. ભારત હવે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં કેનેડા સામે ટકરાશે.

મહિલા વર્ગમાં ભારતે બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયાને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. ભારત પોતાની અંતિમ ગ્રુપ ડી મેચમાં હોંગકોંગ સામે ટકરાશે.

## *HAITI-BOAT FIRE*

કેરેબિયન સમુદ્રના હિસ્પેનિઓલા ટાપુ પર સ્થિત હૈતી દેશના ઉત્તરીય ભાગમાં ટર્ક્સ અને કેકોસ ટાપુ તરફ જઈ રહેલી બોટમાં આગ લાગવાથી બોટમાં સવાર 81 પ્રવાસીઓમાંથી 40 પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના ઉપ પ્રવક્તા ફરહાન હક્કે જણાવ્યું હતુંકે, હૈતી કોસ્ટ ગાર્ડ દ્વારા 41 પ્રવાસીઓને બચાવી લેવાયા છે. તેમજ તમામ ઇજાગ્રસ્તોને આંતરાષ્ટ્રીય પ્રવાસી સંગઠનનાં સહયોગથી પ્રાથમિક આરોગ્ય સેવાઓ, ભોજન, પાણી તેમજ માનસિક મદદ આપવામાં આવી રહી છે. નોંધનીય છે કે ,આંતરરાષ્ટ્રીય પ્રવાસ સંગઠનની માહિતી અનુસાર આ વર્ષે પાડોશી રાષ્ટ્રોએ 86 હજાર પ્રવાસીઓને બળજબરીથી હૈતી દેશ પરત મોકલ્યા છે.